# સહજાનંદ શ્લોકમાં સુવિધા ૨ માસમાં આપવા બિલ્ડરને તાકિદ

## રેરા ઓથોરિટીના ઈજનેર દ્વારા સાઈટ વિઝિટ કરી બંને પક્ષકારોને સાંભળ્યા બાદ રેરાની તાકિદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના જાણીતા સહજાનંદ શ્લોક પ્રોજેક્ટના બિલ્ડરને રેરા ઓથોરિટી દ્વારા અધુરી સુવિધાઓ ૨ માસમાં પુરી કરવા આદેશ કરાયો છે.

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,ગાંધીનગરના સભ્ય શ્રી પી.જે.પટેલ અને શ્રી ડી.પી.જોશી દ્વારા તા.૩૦-૦૩-૨૦૨૨ના રોજ સહજાનંદ શ્લોક પ્રોજેકટના મે. શ્રીજી બિલ્ડકોન વતી બિલ્ડર શ્રી જશરાજ જીવણભાઈ ચૌધરી અને ભાગીદારોને આ પ્રોજેક્ટની અધુરી જરુરી પ્રક્રિયા અને સુવિધા ૦૨ માસમાં પૂર્ણ કરી રહીશોને ન્યાય આપતો હુકમ કરેલ છે. વધુમાં ખર્ચ પેટે સોસાયટીમાં રૂ.૨૦,૦૦૦ જમા કરાવવા પણ ઉલ્લેખ કરેલ છે.

આ કેસની ટુંકમાં વિગત એવી છે કે ગામ સરગાસણ,ગાંધીનગર જિલ્લા મધ્યે નામે સહજાનંદ શ્લોક નામનો પ્રોજેકટ મે.શ્રીજી બિલ્ડકોન વતી બિલ્ડર શ્રી જશરાજભાઈ જીવણભાઈ ચૌધરી અને ભાગીદારોએ વર્ષ ૨૦૧૯માં પૂર્ણ કરી રહીશોને કબઝો સોંપ્યો કર્યો હતો. સદરહુ પ્રોજેક્ટમાં અનેક જરુરી સુવિધાઓ બિલ્ડર દ્વારા પુરી પાડેલ ન હોવાથી અને કામગીરી ખામીયુક્ત રહીશોને જણાયેલ હતી. દા.ત. રેરા રજિસ્ટ્રેશન આપેલ નથી, જી.એસ.ટી. કર ઉઘરાયેલ પણ પહોંચ આપેલ નથી, કલબ હાઉસ બનાવેલ નથી, બેઝમેંટ-બ્લોકમાં કલરકામ બાકી, સોસાયટી-ગાર્ડનમાં સ્ટ્રીટ લાઈટ નથી, બ્લોક-સી માં ઘણા બ્લોકને બાલ્કની આપી નથી, બીમ લેવલમાં નથી, પઝેશન લેટર આપેલ નથી, ફ્લેટ્ના માપ અલગ-અલગ દર્શાવેલ, પાર્કીંગમાં જગ્યા ઓછી, ગેસ્ટ પાર્કીગ જગ્યા નહી, બેઝમેંટ્મમાં પાણી લિકેજ, ટેરેસ ઉપર ખુલ્લા કોલમ સળીયા, લીફ્ટ મેઈન્ટેનન્સ નહિ, ઈલેકટ્રીક અર્થીંગની યોગ્ય વ્યવસ્થા નહિ, ડ્રેઈનેજ લાઈન ટૂટેલી, લાઈટ જનરેટર કોર્ડન નહિ અને સોસાયટીનો કબજો સોંપેલ નથી વિગેરે. જેથી આ સ્કીમના ફલેટના રહીશો વતીથી બિલ્ડરને વારંવાર રજુઆત કરતાં સંતોષકારક નિવારણ ન થતાં રહીશો દ્વારા રેરા ઓથોરીટી, ગાંધીનગરમાં ફરિયાદ દાખલ કરી હતી.જેમાં ફરીયાદી રહીશો તરફે ઉપરોક્ત જણાવેલી ખામીઓ સામાવાળા દુર કરી આપે/સુવિધા આપે અને અંદાજીત રીપેરીંગ ખર્ચના રૂ.૨૫,૦૦,૦૦૦/- ફરિયાદીની સોસાયટીને અપાવવા દાદ માંગી હતી. રેરા ઓથોરીટીના ઈજનેરો દ્વારા આ સાઈટ વિઝીટ કરી અહેવાલ મેળવ્યો. ઓથોરીટીએ બંને પક્ષકારોને સુનાવણી દરમિયાન આધાર પૂરાવાના આધારે સાંભળ્યા અને અંતે તા.૩૦-૦૩-૨૦૨૨ના રોજ રહીશોની તરફેણમાં હુકમ કરી ૦૨ માસમાં આ સુવિધા પૂરી પાડવા અને ફલેટ/સોસાયટીનો વહીવટ રહીશોને સોંપવા હુકમ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ રેરા ઓથોરીટી દ્વારા આ સ્કીમનું કાયદાની જોગવાઈ મુજબ રેરામાં રજિસ્ટ્રેશન ન કરવા બદલ આ બિલ્ડરોને રૂ. ૬,૦૦,૦૦૦ ની પેનલ્ટી પણ કરવામાં આવેલ હતી.



સીએનજી ગેસના ભાવ વધતા રીક્ષાચાલકોએ નાછૂટકે ભાડા વધારવા પડયા છે. સીએનજીના ભાવોમાં છેલ્લા થોડા દિવસથી તોતીંગ વધારો થતાં તેમની રોજગારી પર પણ અસર થઈ છે. મોંઘવારી વચ્ચે ટકી રહેવા માટે રીક્ષાચાલકોને ભાડા વધારવા મજબૂર થવું પડયું છે.

# રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં કેવડીયા ખાતે જ્યુડિશિયલ કોન્ફરન્સનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે ઝડપી ન્યાયિક પ્રક્રીયા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ન્યાયમાં ઈચ્છિત પરિણામ માટે તમામ પક્ષોએ મધ્યસ્થીકરણ પ્રત્યે સકારાત્મક વલણ રાખવું જોઈએ.

છેલ્લા બે દાયકાઓમાં તકરારોના વૈકલ્પિક નિવારણની પદ્ધતિ ન્યાયતંત્રમાં અસરકારક સાબિત થઈ છે. ખાસ કરીને દીવાની બાબતોના કેસોમાં આનાથી સુખદ સમાધાન લાવી શકાય છે.





રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજીએ એકતાનગર ખાતે દ્વિદિવસીય નેશનલ કોન્ફરન્સ ઓન મીડિએશન એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજીને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, ભારતના મુખ્ય ન્યાયધીશ એન. વી. રમણા, કેન્દ્રીય કાયદામંત્રી કિરણ રિજુજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સુપ્રિમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટસ જજીસની ઉપસ્થિતમાં શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા રાષ્ટ્રપતિશ્રીએ તેમના લીગલ પ્રેક્ટિશનર તરીકેના દિવસોને યાદ કર્યા અને કહ્યું કે તે વર્ષો દરમિયાન, તેમના મન-મસ્તિષ્ક પર છવાયેલા રહેતા અનેક મુદ્દાઓ પૈકી એક 'એક્સેસ ટુ જસ્ટીસ' નો મુદ્દો હતો. 'ન્યાય' શબ્દમાં ઘણું બધું સમાયેલું છે અને આપણા બંધારણની પ્રસ્તાવનામાં તેના પર યોગ્ય રીતે ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ રાષ્ટ્રીય પરિષદ ન્યાયાલયોમાં મધ્યસ્થી અને આઈસીટી બંનેની વિશાળ સંભાવનાઓ જ નહીં, પરંતુ માર્ગમાં આવતા પડકારોનો શ્રેષ્ઠ પ્રતિસાદ રીતે કેવી રીતે આપવો તે અંગે પણ વિચારણા કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે સંસદ, સરકાર અને ન્યાયપાલિકા લોકશાહીના આધારસ્તંભ છે. ન્યાય પાલિકાને સૌના વિકાસ, વિશ્વાસ અને શ્રદ્ધાનું આસ્થા કેન્દ્ર ગણાવતા તેમણે ઉમેર્યું કે સરકાર અને ન્યાયપાલિકા પરસ્પર તાલમેલ અને પવિત્રતાથી કામ કરે તો રાષ્ટ્ર વિકાસની નવી ઉંચાઈઓ હાંસલ કરી શકે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેવડીયા ખાતે યોજાઈ રહેલ દ્વિ દિવસીય નેશનલ જ્યુડીસરી કોન્ફરન્સ પ્રસગે ગુજરાતમાં સૌને આવકારતા કહ્યું કે, આ કોન્ફરન્સ એ દેશમાં ન્યાયપાલિકાને વધુ સુદ્દઢ બનાવવા માટે મહત્વની પુરવાર થશે. ન્યાયાલયમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ થતા નાગરિકોને ઝડપથી અને સરળતાથી ન્યાય મળે તે માટે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે યોજાઈ રહેલી આ કોન્ફરન્સ દેશભરમાં ન્યાયતંત્ર માટે અમૃતકાળ બનશે.



## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં પેન્સિલ સેવિંગ એક્ટિવિટીનું આયોજન

એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વેસ્ટમાંથી બેસ્ટ એવી પેન્સિલ સેવિંગ ની એક્ટિવિટીનો કાર્યક્રમ યોજયો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ચાર્ટ પેપર પર પેન્સિલના છોલની મદદથી ટ્રી, સ્ટાર ફિશ, આઈસક્રીમ કપ, સનફ્લાવર, બટરફ્લાઈ વગેરેમાં પેન્સિલની છોલ ને પેસ્ટ કરીને આનંદ કર્યો હતો. સાથે સાથે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રેરણા પણ શિક્ષકોએ બાળકોને પુરી પાડી હતી. સુંદર કૃતિઓથી વાલીઓ અને શિક્ષકોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

# રાજ્યમાં ઓમિક્રોનના નવા XE વિરિયેન્ટનો શંકસ્પદ કેસ

## ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરમાં કેસની પુષ્ટિ થઈ : વધુ ચકાસણી માટે સેમ્પલને NCDC મોકલાયા છે

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં ચોથી લહેર આવી ગઈ છે, તેવા શોકિંગ સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ઓમિક્રોનના નવા વેરિયન્ટના શંકાસ્પદ કેસની આશંકા છે. ઓમિક્રોનના નવા XE વિરિયેન્ટનો શંકસ્પદ કેસ નોંધાયો છે. જે ગુજરાતનો સંભવત પહેલો કેસ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ગુજરાત બાયો ટેકનોલોજી રિસર્ચ સેન્ટરમાં કેસની પુષ્ટિ થઈ છે. વધુ ચકાસણી માટે સેમ્પલને NCDC મોકલાયા છે. હજુ સુધી રાજ્ય કે કેન્દ્ર સરકારે આ મામલે સત્તાવાર જાહેરાત નથી કરી. NCDC સત્તાવાર જાહેરાત કરાય તેવી શક્યતા છે. જોકે, આજે સાંજ સુધીમાં કેસ સુધીમાં સ્પષ્ટતા થઈ શકે. પરંતુ આ નવા વેરિયન્ટે આરોગ્ય તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે.

એક તરફ ગુજરાતમાં બુસ્ટર ડોઝ આપવાની તૈયારીઓ ચાલી રહી છે, તે વચ્ચે કોરોનાના નવા વેરિયન્ટે ગુજરાતમાં દસ્તક આપી છે. આવતી કાલથી ૧૮ વર્ષથી વધુ વયના તમામ લોકોને કોરોના વેક્સીનનો પ્રિકોશનરી ડોઝ અપાનાર છે. હાલમાં ફક્ત ખાનગી રસીકરણ કેન્દ્રો પર પ્રિકોશનરી ડોઝ આપવાની સુવિધા છે. પરંતુ તે વચ્ચે નવા વેરિયન્ટની એન્ટ્રી ચોંકાવનારી છે. ગુજરાતનાં વડોદરામાં ઠઈ વેરિએન્ટનો પહેલો કેસ નોંધાયો છે. ગોત્રી વિસ્તારના પુરુષ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સ્થાનિક આરોગ્ય તંત્ર દ્વારા હાથ તપાસ હાથ ધરાઈ છે. દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી અંગે હાથ તપાસ ચાલુ કરાઈ છે.

# વર્લ્ડ હેલ્થ ડે પ્રસંગે સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત દ્વારા દિવ્યાંગજન માટે નેશનલ હેલ્થ ફેસ્ટિવલનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ભારત સરકારના કાર્યક્રમ આઝાદી કા અમૃત મહોત્સવ વર્લ્ડ હેલ્થ ડે પ્રસંગે સ્પેશ્યલ ઓલિમ્પિક ભારતે દિવ્યાંગજનો માટે સૌથી મોટા નેશનલ હેલ્થ ફેસ્ટિવલનું આયોજન કરાયુ હતુ. આ કાર્યક્રમ હેઠળ ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબિલીટી ધરાવતા ૭૫,૦૦૦ એથેલેટસનું ૭૫થી વધુ શહેરોમાં ફ્રી હેલ્થ સ્ક્રીનીંગ કરાયુ હતુ. આ કાર્યક્રમનો ઉદ્દેશ દિવ્યાંગજનોની જીંદગી પાટા પર ચડે અને સમાવેશી દુનિયામાં રમવા માટે પાછા ફરે તેવો છે.

આ અનોખા કાર્યક્રમ અંગે માહિતી આપતાં સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારતના ચેરપર્સન ડો. મલ્લિકા નડ્ડાએ જણાવ્યું હતું કે "સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત રમતો, આરોગ્ય અને યુવા નેતૃત્વની પ્રવૃત્તિઓ દ્વારા ઈન્ટેલેક્ચ્યુઅલ ડિસેબિલીટી ધરાવતા સમુદાયને સહાય કરે છે અને તેમનું જીવન બહેતર અને સમાવેશી બનાવીને તે લોકો આત્મગૌરવ અને સન્માન સાથે સમાજમાં રહી શકે તેવી સ્થિતિ ઉભી કરે છે.૧૯૦થી વધુ દેશ આ પ્રોગ્રામનો હિસ્સો બન્યા છે અને અમને ગૌરવ છે કે ભારતમાં વિશ્વનો સૌથી મોટો કાર્યક્રમ હાથ ધરાયો છે. ભારતના ૧૭ લાખ કરતાં વધુ સ્પેશ્યલ એથલેટ્સસ્પેશ્યલ ઓલિમ્પિક મૂવમેન્ટમાં રજીસ્ટ્રેશન કરાવીને જોડાયા છે.

### ગરમીનો મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ. જયારે સેકટરોની શેરીઓમાં પણ બપોરના સમયે સુનકાર જોવા મળ્યો હતો. ગરમીથી બચવા માટે શહેરીજનો ટેટી , તરબુચ, લીંબુ તેમજ શેરડી સહીતના રસાળ ફળોનુ વિશેષ સેવન કરી રહ્યા છે. નગરના શોપિંગ બજારમાં પણ આકરી ગરમીની વિશેષ અસર વર્તાઈ રહી છે. સવારે તેમજ મોડી સાંજે સેકટરોના શોપિંગમાં ઘરાકી ખુલે છે. ત્યાં સુધી વેપારીઓ પણ ગરમીમાં શેકાતા મોટાભાગના સેકટરના શોપિંગોમાં પણ બપોરના સમયે દુકનો બંધ જોવા મળી રહી છે. ગરમીનો પારો સતત છેલ્લા ત્રણ ચાર દિવસથી આકરો રહેતા લઘુત્તમ તાપમાન પણ ૨૫ ડીગ્રીની ઉપર રહે છે જેના લીધે હવે રાત્રિના સમયે પણ ગરમીની અસર વર્તાઈ રહી છે.

### વિલંબ કરતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાએથી સમય ન ફળવાતા ડ્રોનુ હજુ સુધી ઠેકાણુ પડ્યુ ન હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આવા સંજોગોમાં આવાસ મેળવવા માટે અરજી આપ્યા બાદ ડીપોઝીટ પણ ચુકવીને લોનના આયોજનના અંતે પણ પ્રક્રીયા આગળ ન વધતા લાભાર્થીઓ તોબા પોકારી ગયા છે. એકબાજુ ગુડા દ્વારા હાલ પણ એલ આઈ જી આવાસો નવા બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. ત્યારે અડાલજ અને ચિલોડા તેમજ રાયસણમાં પણ એક દાયકા પુર્વે નિર્માણ કરાયેલા આવાસો પૈકી કુલ ૧૪૧ આવાસો લાંબા સમયથી બિનઉપયોગી છે. આવાસ અનામત રાખવાની પ્રક્રીયાને અનુલક્ષી ગત ડિસેમ્બર મહીનામાં અરજીઓ મંગાવામાં આવી હતી. જેને અનુલક્ષી તમામ પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. આવાસોની જાળવણી માટે પણ યોગ્ય કામ પુરુ કરી દેવાયુ છે. ત્યારે આ પડતર આવાસોનો ડ્રો થાય તેમજ લાભાર્થીઓને ઝડપથી આવાસ ઉપલબ્ધ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે ગુડાના તંત્ર પણ આ મામલે પ્રયાસો શરૂ કર્યા છે. ગુડા દ્વારા વિવિધ ટી પી સ્કીમની રચના વેળાએ કપાતમાં મળતી જમીનમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવે છે. હાલ પણ પેથાપુર, વાવોલ અને સરગાસણમા પણ નવા આવાસો તૈયાર કરવા માટે આયોજન કરી દેવાયુ છે. આ દીશામાં કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે દાયકાઓ જુના આવાસોમાં પણ પડતર રહેતી અરજીઓનો લાંબા સમયથી નિકાલ આવતો નથી. એકબાજુ આવાસોનુ નિર્માણ કરાયુ હોય તે વાતન પણ સમય વિતતો જાય છે. ત્યારે આવાસ બિન ઉપયોગી હાલતમાં વધુ કંગાળ બની જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### વાયરલ થયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાકેફ થતા શિક્ષણ બોર્ડના સચિવ ડી એસ પટેલે પણ આ અંગે યોગ્ય તપાસના અંતે કાર્યવાહી કરાશે તેમ જણાંવ્યુ છે. જયારે સંબંધિત સેન્ટર પરથી આ પ્રકારની હરકત થઈ હશે તેની સામે પુરાવા મેળવી ફરિયાદ કરાશે.ધો -૧૦ માં પરીક્ષાના અંતે સોલ્વ થયેલુ પેપર લીક થતા પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ હોબાળો મચ્યો હતો. આ મામલે યોગ્ય તપાસ થાય અને જવાબદાર સામે પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સરકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ અવારનવાર પેપર લીક થયા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે આજે ધો -૧૦ માં હીન્દીના પ્રશ્નપત્ર દરમિયાન સોલ્યુશન સાથે જવાબો સોસિયલ મીડીયમાં ફરતા થતા શિક્ષણવિદોમાં પણ અનેક સવાલો મંડરાયા છે. જે મામલે બોર્ડના અધિકારીઓ યોગ્ય તપાસના અંતે પગલા લેવાશે તેમ પણ જણાંવી રહ્યા છે.

### મને ગમે છે

● અનુસંધાન પાંચમાનું ચાલુ

ગાંધીનગરે જ્યારે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે, ત્યારે એને રાજકીય નગર ના કહેતા, સાંસ્કૃતિક અને સ્પોર્ટસના નગર તરીકેની ઓળખ આપવામાં અજુગતુ લાગતું નથી. કોલેજકાળમાં સરકારી કોલેજમાં ગામડેથી સાયકલ પર અપ-ડાઉન કરતા એ દિવસો યાદ કરૂ તો આજે સગવડોમાં અગ્રણી એવું નગર પાટનગર તરીકે પ્રસિદ્ધ બન્યું છે. જીવનમાં પ્રગતિ માટે જેમ સમય જરૂરી છે, તેમ આ પાટનગરની પ્રગતિ નદી, નાળા, ગરનાળા, જુદા-જુદા પ્રકારની વનરાજી એમાંય પક્ષીઓનો કોલાહલ જીવનને સ્ફૂર્તીથી ભરી દે છે. ગાંધીનગરમાં ગુજરાતનું રાજકારણ જરૂર ચાલતું હોય, પરંતુ રહેવાને માટે એની કોઈ અસર ૧૯૬૫થી આજદિન સુધી ક્યાંય જોવા મળી નથી. પેથાપુર જેવું શહેર હોય કે વાવોલ જેવું ગામ હોય, જુદા-જુદા પ્રકારના જી.આઈ.ડી.સી.માં ફાલતા-ફૂલતા વિવિધ ઉદ્યોગો હોય, ત્યારે આ નગરની ઓળખ ખૂબ સારી રીતે થતી જાય છે. ગાંધીનગર આવતીકાલનું મોડ્યુલ બનવા જઈ રહ્યું છે, ત્યારે હું અમદાવાદ કોલેજમાં નોકરી કરતો હતો ત્યારે અમદાવાદી મિત્રો મને અમદાવાદમાં રોકાવાનું કહેતા, ત્યારે હું ગાંધીનગરને આબાદ નગર ગણી, અમદાવાદમાં ક્યારેય રહેવા નહિ આવું એ મને યાદ આવે છે. હમણા સ્થપાયેલી રેલ્વે સ્ટેશનવાળી અદ્યતન હોટલ ગાંધીનગરનું ઘરેણું બનવા જઈ રહ્યું છે. આવા બધા કેટલાય ધંધા-રોજગાર સાથે ઓછી વસ્તીવાળા નગરમાં રહેવું, જુદા-જુદા ધર્મને ન્યાય આપતી આ નગરની ઓળખ અદ્ભૂત રીતે ગોઠવાયેલી દેખાય છે. આ મારૂ પ્રિય નગર છે. તેનો રહેવાસી હોવાનો મને ગર્વ છે.

### કોરોનાની રસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સાથે જ, ભારત બાયોટેકના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર સુચિત્રા ઈલાએ પણ કહ્યું કે કંપનીએ ખાનગી હોસ્પિટલો માટે કોવેક્સિનની કિંમત ૧૨૦૦ રૂપિયાથી ઘટાડીને ૨૨૫ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે. બીજી તરફ, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ખાનગી કોવિડ રસીકરણ કેન્દ્રો પ્રિકોશિયસ ડોઝ (બૂસ્ટર ડોઝ) માટે સેવા ફી તરીકે માત્ર ૧૫૦ રૂપિયા સુધી વસૂલી શકે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવ રાજેશ ભૂષણની અધ્યક્ષતામાં શનિવારે સવારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય સચિવોની ઓરિએન્ટેશન મીટિંગ યોજાઈ હતી, જે રવિવારથી ૧૮ વર્ષથી વધુ વયના તમામ વયસ્કો માટે ઉપલબ્ધ રહેશે. આરોગ્ય સચિવે સ્પષ્ટતા કરી હતી કે આરોગ્ય કર્મચારીઓ, ફ્ન્ટલાઈન વર્કર્સ અને ૬૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના નાગરિકો કોઈપણ કેન્દ્ર પર સાવચેતીનો ડોઝ મેળવવાનું ચાલુ રાખશે, જેમાં સરકારી ઈમ્યુનાઈઝેશન કેન્દ્રો પર મફતનો સમાવેશ થાય છે.

તેમણે એમ પણ કહ્યું કે સાવચેતીનો ડોઝ એ જ રસી હશે જે પ્રથમ અને બીજા ડોઝ તરીકે આપવામાં આવી હતી. ભૂષણે કહ્યું કે સાવચેતીના ડોઝ માટે કોઈ નવી નોંધણીની જરૂર રહેશે નહીં કારણ કે તમામ લાભાર્થીઓ કોવિન પોર્ટલ પર પહેલેથી જ નોંધાયેલા છે.

